For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### તરુણી લઘુશંકા માટે ઘરની બહાર નીકળી ત્યારે મોઢું દબાવી અપહરણ કરી લેવાયું હતું

# વાંસદાની તરુણી પર 8 યુવાનના ગેંગરેપથી હાહાકાર

**ભાઇના** જ બે મિત્રોએ તેના અન્ય મિત્રો સાથે દુષ્કર્મ આચર્યું

**પોલીસે** તમામ આઠ નરાધમની ધરપકડ કરી

વાંસદાઃ વાંસદા તાલુકાની એક 14 વર્ષની તરુણી રાત્રે લઘુ શંકા કરવા ઘરની બહાર નિકળી હતી. આ દરમ્યાન ત્રણ યુવાનોએ તરૂણીનું અપહરણ કરી એક રૂમમાં લઈ જઈ તેને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારપછી વારાફરતી 8 યુવાને તેના પર ગેંગરેપ કર્યો હતો.

વાંસદા તાલુકાના એક ગામમાં રહેતી આશરે 14 વર્ષની તરુણી બુધવારે રાત્રે 10 વાગ્યાના અરસામાં લઘુ શંકા કરવા ઘરની બહાર નીકળી હતી. આ દરમ્યાન ત્રણ અજાણ્યા યુવાનોએ પાછળથી જઈ બહાર નીકળેલી તરુણીનું મોઢું દબાવી દઈ જબરદસ્તી બાઈક ઉપર બેસાડી તેનું અપહરણ કરી તેના ઘરથી થોડે દૂર આવેલ ચેકડેમ પાસે લઈ ગયા હતા. ત્યાં એક પિયુષ નામના યુવાને ફોન કરી અન્ય મિત્રોને કાર લઈને આવવા જણાવ્યું હતું. ચેકડેમ પાસે તરુણીના ભાઈના મિત્ર આદિત્ય અને નિખિલ પણ હાજર હતા. થોડીવાર બાદ એક કારમાં અન્ય ત્રણ બીજા યુવાનો ચેકડેમ પાસે આવ્યા હતા. ત્યારબાદ આઠ યુવાનો પૈકી પાંચ જણા તરુણીને પોતાની સાથે કારમાં બેસાડી બાજુના ગામમાં પાણીની ટાંકી પાસે આવેલી એક રૂમમાં લઈ ગયા હતા. જ્યાં બીજા અન્ય ત્રણ યુવાનો પણ બાઈક પર પહોંચ્યા હતા. અને તરુણીને રૂમમાં ખેંચી જઈ તમામે તેને કપડા કાઢવાનું કહેતા તરુણીએ ના પાડી હતી, ત્યારબાદ એક યુવાને તરુણીને દીવાલ સાથે ટેકાવી દઈ ધમકી આપતા કહ્યું હતું કે 'તારે અમારા બધા સાથે શરીર સંબંધ બાંધવો પડશે. અને જો અમારી વાત નહીં માને તો તને મારી નાખીશું.' તરુણી ગભરાઈ જઈ તેઓના શરણે થઈ જતા તમામે તરુણીના હાથ - પગ પકડી રાખી વારાફરથી 8 યુવાનોએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના દરમિયાન આરોપીઓ એકબીજાનું નામ નિખિલ , સાહિલ, રવિન્દ્ર, આદિત્ય, પિયુષ, રાહુલ, આકાશ અને ઉદય બોલતા હોવાનું જાણવા મળ્યું હતું. આ ગંભીર ઘટના બાદ તરુણી ત્યાંથી ચાલતી ચાલતી તેના ઘરે પહોંચી હતી, અને ઘરનો દરવાજો બંધ રહેતા તરુણી ઘરની બહાર જ તેમની કારમાં સુઇ ગઇ હતી. તરુણીના પિતાએ સવારે ઉઠી

...અનુસંધાન પાના 15 પર

### MLAના કામ થતાં નથી તો સામાન્ય પ્રજાનું શું?

# ગુજરાતના અધિકારીઓ બેફામ બની ગયા છે

**ભાજપના** જ પાંચ નારાજ ધારાસભ્યોએ લેટર બોમ્બ ફોડ્યો

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદી 10મી જાન્યુઆરીએ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે તે પહેલા જ ખુદ ભાજપના પાંચ ધારાસભ્યોએ હવે સીએમ ભૂપેન્દ્ર પટેલ ઉપર લેટર મિસાઈલ છોડી છે. જેના પગલે આ પત્રની રાજકીય ધ્રુજારી આવી જવા પામી છે. આ પાંચેય ધારાસભ્યોએ બળાપો વ્યક્ત કર્યો છે કે સરકારમાં અધિકારી રાજ ચાલી રહ્યું છે, એટલું જ નહીં અધિકારી રાજમાં અંધાધૂંધ વહીવટ ચાલી રહ્યો છે, પ્રજાના કામો કરાવવા સીએમને પત્ર લખવા પડે છે. પ્રજાના કામ થતાં નથી. અંધાધૂંધ વહીવટ ચલાવવામાં આવે છે, અધિકારીઓની માનસિકતા ખરાબ થઈ રહી છે. જો કે લેટરમાં વડોદરા જિલ્લા વહીવટીતંત્રનો ઉલ્લેખ છે, જો કે તે સરકાર પર પણ આડકતરી રીતે નિશાન તાકયુ છે. આજે સાંજે અચાનક ભાજપના આ પાંચ ધારાસભ્યોનો લેટર ગાંધીનગરમાં સચિવાલયના ગલીયારાઓમાં વાયરલ થઈ ગયો હતો.

ભાજપના ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા, સાવલીના કેતન ઈનામદાર , વાઘોડિયાના ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કરજણના અક્ષય પટેલ અને પાદરાના ચૈતન્યસિંહ ઝાલાએ લખેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે હાલ રાજ્યમાં ઠેર ઠેર વહીવટી તંત્રનો વહીવટ ખોરંભે ચડ્યો છે. પ્રજાના કામો જાણે આ તંત્રના કાન સુધી પહોંચતા જ નથી. એક સામાન્ય માણસને પોતાનું નાનું કામ સરકારી કચેરીમાંથી કરાવવું એ જાણે એક યુદ્ધ લડવું બની ગયું છે. રાજ્યના તમામ મોટા અધિકારીઓથી લઈ તમામ નાના કર્મચારીઓ પોતાની ખરાબ મનસ્વીતા દર્શાવતા થઈ ગયા છે.

ભાજપના નારાજ પાંચ ધારાસભ્યોએ પત્રમાં વધુમાં લખ્યું છે કે, આ પ્રમાણેની ખરાબ માનસિકતા એ સુચારુરુપ થી વહીવટી તંત્ર ચલાવવા યોગ્ય નથી. અમો વડોદરા જિલ્લાના ધારાસભ્યો એ અગાઉ પણ આ પ્રમાણેની મૌખિક રજૂઆત કરી હતી અને હવે વિનંતી કરી રહ્યા છે કે ખરાબ મનસ્વીતા ધરાવતા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવે કે જનપ્રતિનિધિઓ

...અનુસંધાન પાના 15 પર

### અધિકારીઓ સામે આ પ્રકારના ગંભીર આક્ષેપ કરાયાં

(1) વીડિયો કોન્ફરન્સમાં પ્રજાના પ્રશ્નો કે ભૌગોલિક હકીકત જાણ્યા વગર ગુલાબી ચિત્ર રજૂ કરી સરકારને સાચી હકીકતથી દૂર રાખવામાં આવે છે.
(2) ધારાસભ્ય દ્વારા સૂચવવામાં આવેલ કાર્યો કરવાને બદલે અધિકારીઓ દ્વારા પ્રજા ને કહેવામાં આવે છે કે તમે ધારાસભ્યની મદદ કેમ માંગી ?
(3) અધિકારીઓ પોતાને પ્રજા અને જનપ્રતિનિધિથી પણ ઉપર સમજી અંધાધૂંધ વહીવટ ચલાવી સરકારની છબી ખરાબ કરે છે.

### વડોદરાના આ અધિકારીઓ સામે પત્રમાં ફરિયાદ

- વડોદરા કલેક્ટર
- જિલ્લા વિકાસ અધિકારી
- પોલીસ અધિક્ષક
- પોલીસ કમિશનર
- અન્ય અધિકારી

### આ ધારાસભ્યોએ પત્ર લખ્યો

(1) શૈલેષભાઇ મહેતા (ડભોઇ)
(2) કેતન ઇનામદાર (સાવલી)
(3) ધર્મેન્દ્રસિંહ વાઘેલા (વાઘોડિયા)
(4) અક્ષય પટેલ (કરજણ)
(5) ચૈતન્યસિંહ ઝાલા (પાદરા)

# CMA ફાઉન્ડેશનમાં સુરતના બે વિદ્યાર્થી ઓલ ઈન્ડિયા ટોપ-10માં

**રાહુલ** વૈષ્ણવ (AIR-4) અને દિશાંત વખારિયા (AIR-8) એ સુરત ચેપ્ટરને અપાવી ઐતિહાસિક સિદ્ધિ

**સુરત** ચેપ્ટરની ઉત્તમ પાસ ટકાવારી, રવિ છાવછરિયાના 2 વિદ્યાર્થીઓ એઆઈઆરમાં, 5 વિદ્યાર્થી સુરત ટોપ 10 માં આવ્યા



(તસવીર : હેમંત ડેરે)

| નામ | સિટી | માર્ક (400) |
|---|---|---|
| રાહુલ વૈષ્ણવ (એઆઈઆર-4, ગુજરાત-1) | 1 | 362 |
| દિશાંત વખારીયા (એઆઈઆર-8, ગુજરાત-2) | 2 | 348 |
| નિશા અંચલિયા | 3 | 328 |
| હેનિલ જૈન | 3 | 328 |
| ક્રિશ પસ્તાગીયા | 4 | 326 |
| આર્યન તુલશ્યાન | 5 | 316 |
| વૈષ્ણવી પટેલ | 7 | 312 |

સુરતઃ ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા ડિસેમ્બર-2025માં લેવાયેલી CMA (કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ) ફાઉન્ડેશનની રાષ્ટ્રવ્યાપી પરીક્ષાનાં પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા છે. આ પરિણામોમાં CMA સુરત ચેપ્ટર માટે ગૌરવભર્યો ક્ષણ સર્જાયો છે, કારણ કે સુરતના બે વિદ્યાર્થીએ સમગ્ર ભારતમાંથી ઓલ ઈન્ડિયા ટોપ-10માં સ્થાન મેળવી શહેરનું નામ રોશન કર્યું છે.

CMA સુરત ચેપ્ટરના વિદ્યાર્થી રાહુલ વૈષ્ણવએ 400માંથી 362 માર્ક્સ મેળવી ઓલ ઈન્ડિયા રેન્ક-4 પ્રાપ્ત કરી છે, જ્યારે દિશાંત વખારિયાએ 348 માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયા રેન્ક-8 હાંસલ કરી છે. બંને વિદ્યાર્થીઓની આ સિદ્ધિથી સુરત શિક્ષણક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન નોંધાયો છે. CMA સુરત ચેપ્ટરના પ્રમુખ

...અનુસંધાન પાના 15 પર

### વેસ્ટર્ન રિજનમાં પણ સુરત ચેપ્ટર અવ્વલ

CMA વેસ્ટર્ન ઇન્ડિયા રીજનલ કાઉન્સિલના વાઈસ ચેરમેન CMA નેન્ટી શાહે જણાવ્યું હતું કે, વેસ્ટર્ન રિજનમાં કુલ 5,851 વિદ્યાર્થીઓએ ફાઉન્ડેશન પરીક્ષા આપી હતી, જેમાંથી 3,911 વિદ્યાર્થીઓ સફળ થયા છે, જેના પરિણામે 66.84% ની પ્રશંસનીય પાસ ટકાવારી નોંધાઈ છે. આ પરિણામોમાં સુરત ચેપ્ટરે 87% પાસ ટકાવારી સાથે વેસ્ટર્ન રિજનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જે સુરતના શિક્ષણ માહોલ અને ચેપ્ટરની કાર્યક્ષમતાનું પ્રતિબિંબ છે.

### સિમ્પલી શિક્ષા કોચિંગનું 88.37 ટકા પરિણામ રહ્યું

સિમ્પલી શિક્ષા કોચિંગ ક્લાસિસના પણ વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામ આપ્યું છે. કોચિંગ ક્લાસના ડિરેક્ટર તરુણ અગ્રણલ અને તેમની ટીમની માર્ગદર્શન હેઠળ ધ્વનિલ મિસ્ત્રીએ CMA ફાઉન્ડેશનમાં 400 માંથી 298 સ્કોર કર્યા અને સિમ્પલી શિક્ષા માં પ્રથમ સ્થાન મેળવ્યું. જ્યારે હર્ષ ભાટિયા અને પ્રીત બાવેજા 284 માર્ક્સ સાથે બીજા નંબરે અને પ્રીત જોગાણી 278 માર્ક્સ સાથે ત્રીજા નંબરે રહ્યા. સિમ્પલી શિક્ષા ક્લાસિસના 43 વિદ્યાર્થીઓમાંથી 38 CMA ફાઉન્ડેશન પરિક્ષામાં પરીક્ષામાં પાસ થયા હતા. જેની સાથે તેમનું 88.37% પરિણામ રહ્યું હતું.

### સફળતાનું રહસ્ય આયોજનબદ્ધ તૈયારી, નિયમિત પુનરાવર્તન અને RCI ટેસ્ટ સિરીઝનો ઉપયોગ



દિશાંત વખારીયા

દિશાંત હિરેનભાઈ વખારીયાએ ઓલ ઇન્ડિયા રેન્ક 4 મેળવ્યો છે. તેને જણાવ્યું કે, AIR મેળવવો એક અવિસ્મરણીય અને સ્વપ્નિલ ક્ષણ છે. મહિના સુધી હાર્ડ વર્ક અને સ્માર્ટ વર્ક વચ્ચે સંતુલન જાળવીને મેળવેલી આ સફળતાનો આનંદ સૌથી પહેલા મારા માર્ગદર્શકો CA રવિ છાવછરિયા, CMA તરુણ શાહ અને મારા પરિવાર સાથે વહેંચ્યો. આ સફળતાનો આધાર એક શિસ્તબદ્ધ દૈનિક અભ્યાસક્રમ રહ્યો, જેમાં સોશિયલ મીડિયાને બાજુએ રાખીને વિષયની મૂળભૂત સમજ અને કોન્સેપ્ટ ક્લિયરિટી પર વિશેષ ભાર મૂકાયો. માતા-પિતાએ ભાવનાત્મક આધાર અને પ્રેરણા પૂરી પાડી, જ્યારે માર્ગદર્શકોએ તણાવને સંભાળવાની, ધ્યાન કેન્દ્રિત રાખવાની અને યોગ્ય દિશામાં આગળ વધવાની વ્યૂહરચના આપી. આ સફળતાનું રહસ્ય છે કે, વહેલી આયોજનબદ્ધ

...અનુસંધાન પાના 15 પર

### સોશિયલ મીડિયાથી સંપૂર્ણ દૂર રહી મોબાઇલનો ઉપયોગ માત્ર અભ્યાસ સંબંધિત કામ માટે જ કર્યો



રાહુલ વૈષ્ણવ

રાહુલ રાધેશ્યામ વૈષ્ણવે ઓલ ઇન્ડિયા રેન્ક 8 મેળવ્યો છે. તેને જણાવ્યું કે, આ ક્ષણ અત્યંત ગૌરવપૂર્ણ અને ભાવુક છે. સફળતાની ખુશીમાં સૌથી પહેલા મેં મારા માતા-પિતાને ફોન કર્યો હતો. મેં દરરોજ લગભગ ૬ થી ૮ કલાક સતત અભ્યાસ કર્યો હતો અને તમામ વિષયો પર સમાન ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અભ્યાસ દરમિયાન મેં સોશિયલ મીડિયાથી સંપૂર્ણ દૂર રહીને મોબાઇલનો ઉપયોગ માત્ર અભ્યાસ સંબંધિત કામ માટે જ કર્યો હતો. તણાવથી બચવા માટે મેં નાના વિરામ લીધા, હંમેશા સકારાત્મક વિચાર રાખ્યો અને મારા લક્ષ્યને સતત યાદ રાખ્યું. સુરતના વિદ્યાર્થીઓ માટે

...અનુસંધાન પાના 15 પર

### ડ્રગના ઉત્પાદકો બે દિવસનાં રિમાન્ડ પર

# ડ્રગ્સ લેબોરેટરી કેસમાં IB અને ATSની એન્ટ્રી

**હીરાબાગની** આંગડિયા પેઢી મારફત ઇશાને લંડનથી 5થી 10 લાખ મોકલાતા હતા

**એક** વર્ષમાં 10 કરોડનુ બ્લુ એમડી બનાવાયું હોવાની આશંકા

સુરતઃ પરવટ પાટિયા સ્થિત પોલારીસ મોલમાં આવેલી ડીક્રિયા ફૂડ એન્ડ ફાર્મા એનાલિટિકલ લેબોરેટરીમાં એસ.ઓ.જી.એ મંગળ વારની સાંજે દરોડો પાડ્યો હતો. લક્ઝરી એસોસિએશનના પ્રમુખ અને આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદમાં ગુજરાતના વ્યાપારી અધ્યક્ષ દિનેશ અણઘણની પુત્રીની માલિકીની આ લેબોરેટરીમાં હાઈપ્યોરિટી મેફેડ્રોન ડ્રગ્સ બનાવતા ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. દરોડા સમયે મુંબઈ અને ગોવા માટે અંદાજે ૫ કરોડના ડ્રગ્સનો ઓર્ડર તૈયાર કરવામાં આવી રહ્યો હતો. આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. જેમાં આઈબી દ્વારા પણ પૂછપરછ કરવામાં આવી છે. તપાસમાં એક વર્ષ દરમિયાન અંદાજે 10 કરોડનું ડ્રગ્સ વેચાણ કરાયું હોવાની શંકા વ્યક્ત

...અનુસંધાન પાના 15 પર

### શું ઈશા પાસે લેબોરેટરી ચલાવવા માટે NABLનું લાઇસન્સ છે?

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઈશા અણઘણ દ્વારા સંચાલિત 'ડીક્રિયા' નામની લેબોરેટરી પોતાની વેબસાઇટ પર NABL લાયસન્સ ધરાવતી હોવાનું દર્શાવે છે. જોકે NABLની અધિકૃત વેબસાઇટ પર તપાસ કરતાં આવી કોઈ લેબોરેટરીને લાયસન્સ ઇસ્યૂ થયાનું નોંધાયેલું નથી. કારણ કે જો લેબ પાસે લાયસન્સ ન હોય તો રિસર્ચના નામે લેબોરેટરી ભાડે આપવાનું કારણ શંકાસ્પદ બને છે. લાયસન્સ વિના લેબોરેટરી ભાડે આપવામાં આવી હોય તો તેમાં તેની સંડોવણી હોવાની શક્યતાને નકારી શકાય નહીં. આ મામલે

...અનુસંધાન પાના 15 પર

### ઇશાને લંડનથી કોણ લાખો રૂપિયા મોકલતું હતું ? ઇશાના પિતાનો વિવાદીત ઇતિહાસ

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઈશાની લેબોરેટરીમાં જીલ સુતરીયા નામનો યુવક કામ કરતો હતો.તે હાલ લેબોરેટરીમાં કામ કરતો નથી.જે સમયે તે કામ કરતો ત્યારે લેબમાં કામ કરવા આવતા લોકોનું ઈશાના પિતા અથવા લેબ ટેકનીશ્યન ઇન્ટરવ્યૂ લેતા હતા. હાલ તેની લેબમાં ૫ લોકો કામ કરી રહ્યા છે. જીલને ઘણી વખત હીરા બાગના એક આંગડીયામાં લંડનથી આવતા ૫ થી ૧૦ લાખ લેવા મોકલતી હતી. મહિનામાં બેથી ત્રણ વખત આંગડીયુ આવતું હતો. જો આંગડિયામાં લંડનથી ઈશાને કોણ

...અનુસંધાન પાના 15 પર

### ઈશા અણઘણનું નિવેદન લેવાશે

પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે ઇશા જે ઓફિસમાં બેસે છે તે ઓફિસના સામેના ભાગે આરોપીઓ ડ્રગ્સ બનાવવાનું કામ કરતા હતા. તો આ વાતની ઈશાને કેમ ખબર નહીં પડી જેથી પોલીસે આજુબાજુના સીસી ટીવી ફૂટેજ મેળવી વધુ તપાસ શરૂ કરી છે.આરોપીના રિમાન્ડ બાદ ઇશાનું પણ પોલીસ નિવેદન લેશે. જેમાં ઈશાના નાણાકીય વ્યવહારોની પણ તપાસ કરાશે અને જો સીસી ટીવીમાં લેબમાં તેની સંડોવણી બહાર આવશે તો તેના વિરુદ્ધ પણ કાર્યવાહી કરાશે

### દહેજથી સુરત સુધી પ્રદૂષણ નેટવર્ક તૂટી પડ્યું

# સુરતની ઉમા અને મા એન્ટરપ્રાઈઝને ક્લોઝર સાથે રૂ. 25 લાખનો દંડ

**સુરતની** ગટર લાઈનમાં ઝેરી કેમિકલનો કાળો ખેલ કરનાર દહેજ અને અંકલેશ્વરની કંપનીઓને પણ ક્લોઝર

**ફેક** બિલિંગ દ્વારા 'પ્રોડક્ટ' બતાવી ટેન્કરો પસાર કરાતા હોવાનો ખુલાસો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ગટર લાઈનમાં ગેરકાયદે ઝેરી કેમિકલ ઠાલવવાના ગંભીર પ્રકરણમાં જીપીસીબી દ્વારા આ નેટવર્ક સાથે સંકળાયેલી દહેજ અને અંકલેશ્વરની બંને કંપનીઓને ક્લોઝર આપી છે. સાથે જ સુરતની ઉમા અને મા એન્ટરપ્રાઈઝને પણ ક્લોઝર આપવાની સાથે 25 લાખનો દંડ કર્યો છે.

દહેજ, અંકલેશ્વર અને પાનોલી જીઆઈડીસીમાંથી ઉદ્ભવેલું આ ઝેરી કેમિકલ સુરતના ઔદ્યોગિક વિસ્તારોમાં ઠાલવવાનું "સુનિયોજિત અને સંગઠિત પ્રદૂષણ રેકેટ"હોવાનું બહાર આવ્યું છે. પ્રાથમિક તપાસ અને પુરાવાના આધારે જીપીસીબીએ દહેજ

...અનુસંધાન પાના 15 પર

### ફેક બિલિંગથી પ્રોડક્ટ બતાવીને બચવાનો ખેલ

તપાસ દરમિયાન એક ગંભીર ખુલાસો થયો છે કે ટેન્કરોમાં ઝેરી કેમિકલ હોવા છતાં તેના બિલોમાં 'કેમિકલ વેસ્ટ'ના બદલે 'પ્રોડક્ટ'ના નામે બિલો બનાવવામાં આવતા હતા. જેથી રસ્તામાં આરટીઓ, પોલીસ કે અન્ય તપાસ એજન્સી દ્વારા રોકવામાં આવે તો "કાયદેસર કેમિકલ પ્રોડક્ટ"હોવાનું જણાવીને સરળતાથી છૂટી શકાય.

### ટેન્કરો, ગેંગ અને સ્થાનિક એકમોની સંડોવણીની તપાસ

જીપીસીબીની તપાસમાં સ્પષ્ટ થયું છે કે માત્ર બહારથી આવેલા ટેન્કરો જ નહીં, પરંતુ સુરતના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી સ્થાનિક એકમો પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સક્રિય ભૂમિકા ભજવી રહી હતી. અગાઉ બમરોલી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાંથી જપ્ત કરાયેલા ટેન્કરો દહેજ અને પાનોલીમાંથી કેમિકલ લાવી ગટર લાઇનમાં ઠાલવવા માટે ઉપયોગમાં લેવાતા હતા. હવે આ પ્રકરણમાં ગેંગ સંડોવણી અને નિયમિત સપ્લાય ચેનની પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

# હજીરામાં સરકારી જમીન પરથી ગેરકાયદે સ્લેગની હેરફેરનું કૌભાંડ

**એક્ટિવા** પર થતી હેરફેર સામે ગ્રામજનોમાં રોષ, આંદોલનની ચીમકી

સુરતઃ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના હજીરા ગામમાં સરકારી જમીન પરથી ગેરકાયદે સ્લેગની હેરફેરનું કૌભાંડ ચાલી રહ્યું છે. પરપ્રાંતીય ગેંગ આ સ્લેગનું એક્ટિવા, બાઈક જેવા પેસેન્જર વાહનો પર હેરફેર કરતા હોવાનો વીડિયો વાયરલ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હજીરા ગામમાં AMNS અને અદાણી કંપની વચ્ચે સરકારી અને બિન સરકારી જમીનનો મોટો દરિયાઈ પટ્ટ આવેલો છે. આ દરિયા કિનારા વિસ્તારમાંથી હજીરા ગામ બહારના પરપ્રાંતીય લોકો દ્વારા ગેરકાયદે રીતે સ્લેગ કાઢવામાં આવી રહી છે. એટલું જ નહીં આ સ્લેગ આરટીઓના નિયમોની વિરુદ્ધમાં જઈ આરસી બુક, ઈન્સ્યુરન્સ, પીયુસી વગરના એક્ટિવા જેવા વાહનો પર હેરફેર કરવામાં આવે છે. એક્ટિવા, બાઈકના પાર્ટ્સ છુટા કરી ફક્ત એન્જિન અને ચેસીસનો ઉપયોગ સ્લેગની હેરફેર માટે કરાય છે. સ્લેગના મોટા ટુકડાઓનું પોતાના તેમજ ગ્રામજનોના જીવના જોખમે હેરફેર કરી રહ્યાં છે. પરપ્રાંતીયોની સ્લેગની સ્મગલિંગની પ્રવૃત્તિ સામે ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે. ખુબ જ મોટા પ્રમાણમાં પરપ્રાંતીય ગેંગ દ્વારા ગેરકાયદે રીતે સ્લેગ કાઢી વેચવામાં આવી રહ્યો છે. આ તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ગ્રામજનોએ માંગ ઉઠાવી છે. જો કાર્યવાહી કરી સ્લેગ ઉપાડવાની કામગીરી બંધ ન કરવામાં આવે તો રસ્તા રોકો આંદોલન કરવાની

...અનુસંધાન પાના 15 પર

### હજીરામાં કરોડોની ખનીજ ચોરીના માજી સરપંચના આક્ષેપ

હજીરા ગામમાં પણ ખનીજ ચોરીના આક્ષેપ માજી સરપંચે કર્યા છે. કરોડો રૂપિયાની ચોરી માફીયાઓ દ્વારા થઈ રહી છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થઈ રહી નથી. હજીરાને ખનીજ માફીયાઓ કોરી ખાઈ રહ્યા છે. આ સરકારી જમીન ઉપર ચાલી રહેલા ખનન સામે તંત્ર નજર નાખી કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

# આજથી સુંવાલીમાં સહેલાણીઓની ગુંજ



(તસવીર : સતીષ જાદવ)

**130 સ્ટોલ, એડ્વેન્ચર અને ફૂડ ફેસ્ટનો આનંદ**

ફેસ્ટિવલમાં ૧૩૦થી વધુ ફૂડ અને ક્રાફ્ટ સ્ટોલ ઉભા કરાયા છે. નાગલીની વાનગી, ઉંબાડિયું, મિલેટ ફૂડ સહિત પરંપરાગત અને આધુનિક સ્વાદ મળશે. ઉંટ-ઘોડેસવારી, જીપ રાઈડ, ટગ ઓફ વોર, દેશી રમતો, પતંગબાજી, બાળકો માટે મનોરંજન ઝોન અને ફોટો કોર્નર મુખ્ય આકર્ષણ રહેશે.

**આજથી** ૧૧ જાન્યુઆરી સુધી 'સુંવાલી બીચ ફેસ્ટિવલ ચાલશે

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા દરિયાકાંઠાના પ્રવાસન વિકાસને નવી દિશા આપવાના ઉદ્દેશ્ય સાથે સુરત નજીક આવેલા સુંવાલી દરિયાકિનારે આજથી (તા.૯ જાન્યુઆરી) ત્રિ-દિવસીય 'સુંવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો છે. ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત આયોજન હેઠળ યોજાઈ રહેલો આ ઉત્સવ આગામી ત્રણ દિવસ સુધી પ્રવાસન, સંસ્કૃતિ, મનોરંજન અને

...અનુસંધાન પાના 15 પર

### આજનો કાર્યક્રમ

**તા.૯ જાન્યુઆરીઃ સાંજે ૫.૩૦ વાગ્યે ઓસમાણ મીર અને આમીર મીર**